# ECONOMICS

**PAPER-II**
**OCT-14/10**

Name & Signature of the Invigilator

..............................................

..............................................

ICR Answer Sheet No. : | | | | | |

Roll No. : | | | | | |

Roll Number in words : ......................................

..........................................................................

**Time : 1.15 Hours]** **No. of Printed Pages : 24** **[Maximum Marks : 100**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **fifty (50)** multiple choice type questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to candidate. In the first 5 minutes, candidate is requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the question booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of five minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the test booklet number should be entered in the ICR answer sheet and the ICR Answer Sheet number should be entered on this test booklet.
4. Each item has upto four alternative responses marked (A), (B), (C) and (D). The answer should be a capital letter for the selected option. The answer letter should entirely be contained within the corresponding square.

   Correct method **A** Wrong method **A** OR **A**

5. Your responses to the items for this paper are to be indicated on the ICR Answer Sheet under Paper II only.
6. Read instructions given inside carefully.
7. Rough work is to be done in the end of the booklet only.
8. You have to return the original ICR Answer Sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the examination hall. You are, however, allowed to carry duplicate copy of ICR sheet and test booklet on conclusion of the examination.
9. Use black ball point pen.
10. Use of any Calculators or log tables or any other electronic devices is prohibited.
11. There shall be no negative marking.
12. In case of any discrepancy in Gujarati and English version of questions the English version should be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચમાં દર્શાવેલી જગ્યામાં તમારો રોલનંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા કુલ **પચાસ (૫૦)** પ્રશ્નો આપેલા છે. **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં ઉમેદવારને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ ૫ મિનિટ દરમ્યાન, ઉમેદવારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું.
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પેજની ધાર પર આપેલ સીલ ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પૃષ્ઠો/પ્રશ્નો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા કોઈ અન્ય ફરક હોય અર્થાત કોઈપણ કારણે ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારવી નહીં. એને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછીથી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમય પણ આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાયપછી, ટેસ્ટ પુસ્તિકા નંબર ICR જવાબ પત્રકમાં લખવો અને ICR જવાબ પત્રક નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર ઉત્તર વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં આવેલ છે. પસંદગીનો જવાબ માત્ર અંગ્રેજી કેપીટલ મૂળાક્ષર દ્વારા જ આપવો. પસંદ કરેલ અંગ્રેજી કેપીટલ અક્ષર આપેલ ખાનામાં સંપૂર્ણ રીતે સમાઈ જાય તે રીતે લખવો.

   સાચી રીત : **A** ખોટી રીત : **A** અથવા **A**

5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નોના જવાબ અલગથી આપવામાં આવેલ ICR જવાબ પત્રકમાં પેપર–૨ લખેલ વિભાગમાં જ લખવા.
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. આ પ્રશ્નપુસ્તિકાની અંતે આપેલ પાનું રફ કામ માટે છે.
8. પરીક્ષા સમય પૂરો થઈ ગયા પછી ઓરીજીનલ ICR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજીયાત સોંપી દેવું અને કોઈપણ સંજોગોમાં પરીક્ષાખંડની બહાર જઈ શકશે નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પ્રશ્નપુસ્તિકા તથા ICR જવાબવહીની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
9. માત્ર કાળી પેન/કાળી બોલ પેન વાપરવી.
10. કેલ્કયુલેટર અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
11. ખોટા જવાબ માટે નેગેટિવ ગુણાંકન પ્રથા નથી.
12. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

**ECONOMICS** **અર્થશાસ્ત્ર**

**PAPER - II** **પેપર–II**

*Note* : This paper contains **FIFTY (50)** multiple-choice/assertion/reasoning questions/matching questions. Each question carries **TWO (2)** marks. Attempt **All** the questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** બહુવિકલ્પીય પ્રશ્નો, સાચું-ખોટું અને જોડકાં બનાવવાના પ્રશ્નો છે. તમામ પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના **બે (૨)** ગુણ છે.

---

1. Which statement is *correct* ?

(A) Inferior goods and Giffen goods are the same

(B) Giffen goods are necessarily inferior goods

(C) Giffen goods may not be inferior goods

(D) Inferior goods are necessarily Giffen goods

2. Indifference curve of two perfect substitutes would be :

(A) Downward slopping straight line

(B) Rectangular hyperbola curve

(C) Kinking at 90 degree

(D) None of the above

1. નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) ઉતરતી કક્ષાની વસ્તુઓ અને ગીફન વસ્તુઓ સમાન છે

(B) બધી જ ગીફન વસ્તુઓ ઉતરતી કક્ષાની વસ્તુઓ છે

(C) ગીફન વસ્તુઓ ઉતરતી કક્ષાની હોવી જરૂરી નથી

(D) ઉતરતી કક્ષાની વસ્તુઓ ગીફન વસ્તુઓ હોવી જરૂરી છે

2. બે સંપૂર્ણપણે અવેજીકારક વસ્તુઓનો તટસ્થ વક્ર :

(A) નીચે તરફ ઢળતી સુરેખા હોય છે

(B) રેકટેગ્યુલર હાયપરબોલા વક્ર હોય છે

(C) ૯૦ અંશનો ખૂણો બનાવતી ખાંચવાળી રેખા હોય છે

(D) ઉપરનામાંથી એકેય નહીં

3. Average variable cost of a firm is Rs. 60 while it is producing 600 units, while its total fixed cost is Rs. 3,000. Find out its average cost ?

(A) Rs. 39,000

(B) Rs. 3,600

(C) Rs. 10

(D) Rs. 65

3. એક પેઢીનો સરેરાશ અસ્થિર ખર્ચ રૂા. ૬૦ છે અને તે ૬૦૦ એકમોનું ઉત્પાદન કરે છે, અને તેનો આ ઉત્પાદન માટેનો એકંદર સ્થિર ખર્ચ રૂા. ૩૦૦૦ છે. તો આ પેઢીનો સરેરાશ ખર્ચ મેળવો ?

(A) રૂા. ૩૯૦૦૦

(B) રૂા. ૩૬૦૦

(C) રૂા. ૧૦

(D) રૂા. ૬૫

4. Cobb-Douglas production function has elasticity of substitution :

(A) Equal to 1

(B) Constant

(C) Indefinite magnitude

(D) Indeterminate

4. કોબ–ડગ્લાસ ઉત્પાદન વિધેયમાં અવેજીની મૂલ્ય સાપેક્ષતા :

(A) બરાબર એક હોય છે

(B) અચળ હોય છે

(C) નું મૂલ્ય અનંત છે

(D) નકકી કરી શકાતી નથી

5. Average fixed cost :

(A) Increases with quantity and is more than marginal cost

(B) Decreases with quantity and is more than marginal cost

(C) Increases with quantity and is less than marginal cost

(D) Decreases with quantity and is less than marginal cost

5. સરેરાશ સ્થિર ખર્ચ :

(A) ઉત્પાદનની સાથે વધે છે અને તે સીમાંત ખર્ચ કરતાં વધારે છે

(B) ઉત્પાદનની સાથે ઘટે છે અને સીમાંત ખર્ચ કરતાં વધારે છે

(C) ઉત્પાદનની સાથે વધે છે અને સીમાંત ખર્ચ કરતાં ઓછું છે

(D) ઉત્પાદનની સાથે ઘટે છે અને સીમાંત ખર્ચ કરતાં ઓછું છે

6. Optimum level of output for a perfectly competitive firm is given, when :

(A) MR equals AC

(B) MR equals MC

(C) MR exceeds MC by the greatest amount

(D) MR equals MC and MC is rising

7. The short-run equilibrium level of output for a monopolistic competitor is given by :

(A) P = SMC

(B) P = SAC

(C) The MR curve intersects the SMC curve

(D) The MR curve intersects the SMC curve from below and P $\geq$ AVC

8. Instruments for credit control are :

(A) Bank rate

(B) Open market operations

(C) Margin requirements

(D) All of the above

6. સંપૂર્ણ હરીફાઈ યુકત પેઢીમાં ઈષ્ટતમ સ્તરનું ઉત્પાદન કયારે થશે ?

(A) જયારે MR અને AC સરખા થાય ત્યારે

(B) જયારે MR અને MC સરખા થાય ત્યારે

(C) જયારે MR, MC કરતાં મહત્તમ તફાવત ધરાવે ત્યારે

(D) જયારે MR અને MC બંને બરાબર થાય અને MC વધતુ હોય ત્યારે

7. ઈજારાયુક્ત હરીફાઈમાં ટૂંકાગાળાની સમતુલાનું ઉત્પાદન જયારે ....... મળે છે :

(A) P = SMC

(B) P = SAC

(C) MR વક્ર SMC વક્રને કાપે ત્યારે

(D) MR વક્ર SMC વક્રને નીચેથી કાપે અને P $\geq$ AVC

8. ધીરાણ અંકુશ માટેના સાધનો કયા ?

(A) બેન્ક રેટ

(B) ખૂલ્લા બજારની લે–વેચ

(C) સીમાવર્તી જરૂરીયાતો

(D) ઉપરના તમામ

9. In the IS-LM model, supply of money is assumed as :

(A) Increasing function of the rate of interest

(B) Function of level of income

(C) Decreasing function of the rate of interest

(D) Exogeneously given

10. According to Friedman with the increase in money supply :

(A) We get higher interest rate if the sum of income and price effect is greater than liquidity effect

(B) We always get lower interest rate

(C) We get lower interest if liquidity effect is weak

(D) None of the above

9. IS-LM મોડેલમાં, નાંણાનો પૂરવઠો :

(A) વ્યાજના દરનું વધતું જતું વિધેય છે

(B) આવકના સ્તરનું વિધેય છે

(C) વ્યાજના દરનું ઘટતું જતું વિધેય છે

(D) બર્હિનિર્મિત (Exogeneously) ધારવામાં આવે છે

10. ફ્રેડમેનના અભિપ્રાય મુજબ, નાંણાના પૂરવઠામાં થતા વધારા સાથે :

(A) જો આવક અને કિંમત અસરોનો સરવાળો તરલતા અસર કરતાં વધુ હોય તો વ્યાજનો દર વધુ ઊંચો દર પ્રાપ્ત થાય છે

(B) વ્યાજનો દર હંમેશા ઓછો હોય છે

(C) જો તરલતા અસર ઓછી હોય તો વ્યાજનો દર વધુ નીચો હોય છે

(D) ઉપરનામાંથી એકેય નહીં

11. The main distinguishing feature between money market and capital market is based on the :

(A) Cost of credit

(B) Terms of credit

(C) Use of credit

(D) User of credit

12. The money multiplier :

(A) Varies directly with high powered money currency and reserve ratio

(B) Varies directly with high powered money and inversely with currency ratio and reserve ratio

(C) Varies inversely with high powered money and directly with currency ratio and reserve ratio

(D) Varies directly with high powered money and reserve ratio and independent of currency ratio

11. નાણાં બજાર અને મૂડી બજાર વચ્ચેનાં તફાવતનું મુખ્ય લક્ષણ ............ પર આધારિત છે :

(A) ધીરાણનો ખર્ચ

(B) ધીરાણની અવધી

(C) ધીરાણનો ઉપયોગ

(D) ધીરાણનો ઉપયોગકર્તા

12. નાણાં ગુણક :

(A) ઉચ્ચ સત્તાધારી નાણાં ચલણ ગુણોત્તર અને અનામત ગુણોત્તરના સીધા પ્રમાણમાં બદલાય છે

(B) ઉચ્ચ સત્તાધારી નાણાંના સીધા પ્રમાણમાં અને ચલણ ગુણોત્તર અને અનામત ગુણોત્તરના વ્યસ્ત પ્રમાણમાં બદલાય છે

(C) ઉચ્ચ સત્તાધારી નાણાંના વ્યસ્ત પ્રમાણમાં અને ચલણ ગુણોત્તર તથા અનામત ગુણોત્તરના સીધા પ્રમાણમાં બદલાય છે

(D) ઉચ્ચ સત્તાધારી નાણાં તથા અનામત ગુણોત્તરના સીધા પ્રમાણમાં અને ચલણ ગુણોત્તરથી સ્વતંત્ર હોય છે

13. The crowding out hypothesis was used by monetarists to show that :

(A) a pure expansionary fiscal policy action is unable to increase real GNP of an economy on a permanent level

(B) a pure expansionary fiscal policy always results into increase in real GNP

(C) The contradictory fiscal policy results into the movement of the economy from stage of prosperity to stage of recession

(D) None of the above

13. નાંણાવાદીઓએ 'ક્રાઉડીંગ આઉટ' પરિકલ્પનાનો ઉપયોગ એ દર્શાવવા માટે કર્યો કે :

(A) એક અર્થતંત્રની વાસ્તવિક GNP ને કાયમી સ્તરે વધારવામાં એક શુદ્ધ વિસ્તરણલક્ષી રાજકોષીય નીતિ નિષ્ફળ નીવડે છે

(B) એક શુદ્ધ વિસ્તરણલક્ષી રાજકોષીય નીતિ હંમેશા, વાસ્તવિક GNP ની વૃદ્ધિમાં પરિણમે છે

(C) સંકોચનશીલ રાજકોષીય નીતિ, અર્થતંત્રની ગતિ સમૃદ્ધિના તબકકામાંથી મંદિના તબકકામાં લઈ જાય છે

(D) ઉપરનામાંથી કોઈ નહીં

14. In an economy, the MPC = 0.90 and the MPI (Marginal Propensity to Import) is 0.10. If there is an autonomous increase in investment of 200, the level of import will :

(A) Increase by 100

(B) Increase by 200

(C) Decrease by 100

(D) Decrease by 200

14. એક અર્થતંત્રમાં, સિમાંત વપરાશ વૃત્તિ (MPC) = 0.90 અને સિમાંત આયત વૃત્તિ (MPI) = 0.10 છે. જો મૂડી રોકાણમાં 200 જેટલો સ્વાયતી (autonomous) વધારો થાય તો આયતનું પ્રમાણ :

(A) ૧૦૦ જેટલું વધશે

(B) ૨૦૦ જેટલું વધશે

(C) ૧૦૦ જેટલું ઘટશે

(D) ૨૦૦ જેટલું ઘટશે

15. The choice of technique in the theories of development and growth refers to the decision regarding :

(A) Capital intensive *Vs.* labour intensive technique

(B) Economies of scale *Vs.* economies of scope of technique

(C) Increasing returns *Vs.* decreasing returns in technique

(D) Appropriate *Vs.* sustainable technique

16. The cost of development increases due to :

(A) Increase in foreign aid

(B) Increase in debt-creating flows

(C) Decrease in foreign aid

(D) Increase in import-export ratio

17. In a model of sustainable development which is *true* ?

(A) Decline in stock of natural capital is a normal phenomenon of the process of development

(B) Inter-generational equity usage benefits be maintained during the economic development

(C) Natural capital stock should not be consumed

(D) Social capital decreases because of technical progress

15. વિકાસ અને વૃદ્ધિના સિદ્ધાંતોનુસાર 'ઉત્પાદન પદ્ધતિ પસંદગી' નો સંદર્ભ ....... પસંદગી માટે છે :

(A) મુડી પ્રચુર વિરૂદ્ધ શ્રમ પ્રચુર પદ્ધતિની

(B) કદવળતરના લાભો વિરૂદ્ધ ઉત્પાદન વૈવિધ્યના લાભોની

(C) વધતું વળતર વિરૂદ્ધ ઘટતા વળતરની

(D) યોગ્ય પદ્ધતિ વિરૂદ્ધ નિભાવપાત્ર પદ્ધતિની

16. વિકાસનો ખર્ચ ........ વધે છે.

(A) વિદેશી સહાયની વૃદ્ધિ થવાથી

(B) દેવાની વૃદ્ધિકારક પ્રવાહોમાં વૃદ્ધિ થવાથી

(C) વિદેશીસહાયમાં ઘટાડો થવાથી

(D) આયાત–નિકાસ ગુણોત્તરમાં વૃદ્ધિ થવાથી

17. નિભાવપાત્ર વિકાસના મોડલ માટે નીચેનામાંથી કયું સાચું છે ?

(A) વિકાસની પ્રક્રિયામાં કુદરતી સંસાધનોના જથ્થામાં ઘટાડો થવો એ સામાન્ય પ્રક્રિયા છે

(B) વિકાસની પ્રક્રિયા દરમ્યાન આંતર પેઢી સમતાના ઉપયોગના ફાયદાઓ જાળવવામાં આવે છે

(C) કુદરતી સંસાધનોના જથ્થાનો ઉપયોગ થવો જોઈએ નહીં

(D) યાંત્રિક વિકાસ થવાથી સામાજિક મુડીમાં ઘટાડો થાય છે

18. Group I has 'terms' and Group II has 'implied meaning'. Match I and II correctly and choose the *correct* option from the codes given below it :

| | Group I | | Group II |
|---|---|---|---|
| (*i*) | Sustainability | (1) | less poverty and deprivation |
| (*ii*) | Development | (2) | less environmental destruction |
| (*iii*) | Inclusion | (3) | less disparities within and between nations |
| (*iv*) | Equity | (4) | less marginalisation of people in the country |

*Codes* :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (1) | (2) | (3) | (4) |
| (B) | (2) | (1) | (4) | (3) |
| (C) | (4) | (3) | (2) | (1) |
| (D) | (3) | (4) | (1) | (2) |

19. Who of the following was the proponent of the theme that 'institutions' play important role in the economic development ?

(A) Douglas North

(B) Robert Solow

(C) P. C. Mahalanobis

(D) Rosenstein-Rodan

18. ગ્રુપ ૧ માં 'નામો' આપેલાં છે અને ગ્રુપ ૨ માં તેના 'સુચિતાર્થો' આપેલા છે. ગ્રુપ ૧ અને ગ્રુપ ૨ ને સાચી રીતે જોડો :

| | ગ્રુપ ૧ | | ગ્રુપ ૨ |
|---|---|---|---|
| (*i*) | નિભાવપાત્રતા | (1) | ઓછી ગરીબી અને વંચિતતા |
| (*ii*) | વિકાસ | (2) | ઓછું પર્યાવરણીય નુકસાન |
| (*iii*) | સમાવિષ્ટતા (સામેલગીરી) | (3) | રાષ્ટ્રોની અંદર અને પરસ્પરની ઓછી અસમાનતાઓ |
| (*iv*) | સમાનતા | (4) | રાષ્ટ્રની અંદર લોકોમાં ઓછી અસમાનતાઓ |

કોડ : :

| | (*i*) | (*ii*) | (*iii*) | (*iv*) |
|---|---|---|---|---|
| (A) | (1) | (2) | (3) | (4) |
| (B) | (2) | (1) | (4) | (3) |
| (C) | (4) | (3) | (2) | (1) |
| (D) | (3) | (4) | (1) | (2) |

19. 'સંસ્થાઓ' આર્થિક વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે તેમ નીચેનામાંથી કોણે પ્રસ્થાપિત કરેલ છે ?

(A) ડગ્લાસ નોર્થ

(B) રોબર્ટ સોલો

(C) પી.સી. મહાલાનોબીસ

(D) રોઝેસ્ટેઈન–રોડાન

20. Which of the following five year plans aimed/aims at 'faster and more inclusive growth' ?

(A) 9th Five Year Plan

(B) 10th Five Year Plan

(C) 11th Five Year Plan

(D) 12th Five Year Plan

21. 'Brain Drain' in development economics implies .................... .

(A) Concentration of technological innovations in the developed countries

(B) Polarization of best of educational institutions in the developed world

(C) High out flow of migration from the less developed countries

(D) International migration of highly educated and skilled workers from poor to rich countries

20. નીચેનામાંથી કઈ પંચવર્ષીય યોજનાનું ધ્યેય 'ઝડપી અને વધારે સમાવિષ્ટતાવાળો વિકાસ' હતું/છે ?

(A) ૯ મી પંચવર્ષીય યોજના

(B) ૧૦ મી પંચવર્ષીય યોજના

(C) ૧૧ મી પંચવર્ષીય યોજના

(D) ૧૨ મી પંચવર્ષીય યોજના

21. વિકાસના અર્થશાસ્ત્રમાં 'બ્રેઈન ડ્રેઈન' નો અર્થ ........ થાય છે.

(A) વિકસિત રાષ્ટ્રોમાં યાંત્રિક સંશોધનોનું કેન્દ્રીકરણ

(B) વિકસિત રાષ્ટ્રોમાં શિક્ષણની ઉત્કૃષ્ટ સંસ્થાઓનું કેન્દ્રીકરણ

(C) ઓછા વિકસિત રાષ્ટ્રોમાંથી બાહ્ય–સ્થળાંતરનો ઊંચો પ્રવાહ

(D) ગરીબ રાષ્ટ્રોમાંથી ઉચ્ચ શિક્ષિત અને કાર્યક્ષમ કામદારોનું તવંગર રાષ્ટ્રો તરફનું આંતરરાષ્ટ્રીય સ્થળાંતર

22. In view of Eric Lindahl, it is possible to distribute tax burden among different people :

(A) According to their ability to pay tax and benefit received from social goods provided by the state

(B) According to ability to pay tax

(C) According to cost of service principle

(D) According to benefit received from expenditure by the government

23. Primary deficit is :

(A) Budget deficit plus other liabilities

(B) Fiscal deficit minus interest payments

(C) Revenue deficit minus total expenditure

(D) Private revenue minus private expenditure

22. એરીક લીન્ડાલના મંતવ્ય મુજબ ........ અનુસાર વિવિધ લોકોમાં કરબોજ વહેંચવાનું શકય છે.

(A) લોકોની કરદાન ક્ષમતા અને રાજ્ય દ્વારા પૂરી પડાતી સામાજિક વસ્તુઓમાંથી પ્રાપ્ત થતાં લાભો

(B) લોકોની કરદાન ક્ષમતા

(C) સેવાના ખર્ચ અંગેના સિદ્ધાંત

(D) સરકાર દ્વારા કરવામાં આવેલાં ખર્ચમાંથી પ્રાપ્ત થયેલા લાભો

23. પ્રાથમિક ખાધ એટલે :

(A) અંદાજપત્રિય ખાધ વત્તા અન્ય જવાબદારીઓ

(B) રાજકોષીય ખાધ ઓછા વ્યાજની ચૂકવણી

(C) મહેસૂલી ખાધ ઓછા કુલ ખર્ચ

(D) ખાનગી મહેસૂલ ઓછા ખાનગી ખર્ચ

24. According to Colin Clark :

(A) When the share of Government sector exceeds 25% of total economic activities, inflation occurs even in balanced budget

(B) Share of Government sector in total economic activities has no impact on price level

(C) Share of Government sector in total economic activities always positively affects price level

(D) Only selected government activities with balanced budget will affect price level

24. કોલીન–કલાર્કના મત મુજબ :

(A) જયારે કુલ આર્થિક પ્રવૃત્તિઓમાં સરકારી ક્ષેત્રનો ફાળો ૨૫% કરતાં વધે છે, ત્યારે સંતુલિત અંદાજપત્રમાં પણ ફુગાવો થાય છે

(B) કુલ આર્થિક પ્રવૃત્તિઓમાં સરકારી ક્ષેત્રના ફાળાની કોઈ અસર ભાવ સપાટી પર થતી નથી

(C) કુલ આર્થિક પ્રવૃત્તિઓમાં સરકારી ક્ષેત્રનો વધતો જતો ફાળો હંમેશા ભાવસપાટી વધારે છે

(D) સંતુલિત અંદાજપત્ર સાથેની કેટલીક સરકારી પ્રવૃત્તિઓ, ભાવસપાટીને અસર કરશે

25. Taxable capacity is measured by :

(A) Growth in tax revenue

(B) Ratio between tax revenue and GDP

(C) Ratio between direct tax and indirect tax

(D) Ratio between revenue deficit and fiscal deficit

25. કરદેય ક્ષમતા ....... દ્વારા માપવામાં આવે છે.

(A) કરવેરા આવકમાં થતી વૃદ્ધિ

(B) કરવેરા આવક અને GDP ના ગુણોત્તર

(C) પ્રત્યક્ષ કરવેરા અને પરોક્ષ કરવેરા વચ્ચેનો ગુણોત્તર

(D) મહેસૂલી ખાધ અને રાજકોષીય ખાધ વચ્ચેનો ગુણોત્તર

26. Which of the following is *not* a characteristic of a public good ?

(A) Indivisibility

(B) Pricing by the market

(C) Access to all

(D) Non-exclusion in consumption

27. Which of the following is *not* the function of fiscal policy ?

(A) Allocation of resources

(B) Distribution of resources

(C) Stabilization of economy

(D) Allocation of credit to priority sector

28. Which of the taxes go to Central divisible pool ?

(A) Custom duty and income tax

(B) Central excise duty and service tax

(C) Central excise duty and income tax

(D) Central excise duty and agricultural income tax

26. નીચેનામાંથી કઈ, એક જાહેર વસ્તુની લાક્ષણિકતા નથી :

(A) અવિભાજયતા

(B) બજાર દ્વારા કિંમત નિર્ધારણ

(C) તમામની પહોંચ

(D) વપરાશી બીન–બાકાતપણું

27. નીચેનામાંથી કયું રાજકોષીય નીતિનું કાર્ય નથી ?

(A) સંસાધનોની ફાળવણી (એલોકેશન)

(B) સંસાધનોની વહેંચણી (ડીસ્ટ્રીબ્યુશન)

(C) અર્થતંત્રની સ્થિરતા

(D) પ્રાયોરીટી ક્ષેત્રને ધીરાણની ફાળવણી

28. નીચેનામાંથી કયો કર, કેન્દ્રીય વિભાજય ભંડોળમાં જાય છે ?

(A) કસ્ટમ ડયુટી અને આવક વેરો

(B) કેન્દ્રીય આબકારી જકાત અને સેવા વેરો

(C) કેન્દ્રીય આબકારી જકાત અને આવક વેરો

(D) કેન્દ્રીય આબકારી જકાત અને કૃષિ આવક વેરો

29. If country 'A' is efficient in producing one product and country 'B' is efficient in producing the second product, then country 'A' will specialize in the production of 1st product and country 'B' in the 2nd product. Which theory of international trade is this ?

(A) Theory of absolute cost advantage

(B) Theory of comparative cost advantage

(C) Heckscher-Ohlin model

(D) Imitation gap theory

30. Current account deficit for a country indicates that :

(A) Gross domestic investment is greater than gross domestic savings

(B) Gross domestic savings are greater than gross domestic investment

(C) Increase in capital inflows is more than outflows

(D) Outflow of foreign direct investment is greater than inflow

29. જયારે દેશ–અ, એક વસ્તુના ઉત્પાદન માટે કાર્યક્ષમ છે અને દેશ–બ, બીજી વસ્તુના ઉત્પાદન માટે કાર્યક્ષમ છે, ત્યારે દેશ–અ, પ્રથમ વસ્તુના ઉત્પાદનમાં વિશિષ્ટીકરણ કરશે જયારે દેશ–બ બીજી વસ્તુના ઉત્પાદનમાં વિશિષ્ટકરણ કરશે. આંતરરાષ્ટ્રીય વ્યાપારનો કયો સિદ્ધાંત આ સ્થિતિ સમજાવશે ?

(A) નિરપેક્ષ ખર્ચ લાભનો સિદ્ધાંત

(B) સાપેક્ષ ખર્ચ લાભનો સિદ્ધાંત

(C) હેકક્ષર–ઓહલીન સિદ્ધાંત

(D) અનુકરણ–ગાળાનો સિદ્ધાંત

30. દેશના ચાલુ ખાતાની ખાધ દર્શાવે છે કે :

(A) એકંદર ઘરગથ્થુ મુડી રોકાણ, એકંદર ઘરગથ્થુ બચતો કરતાં વધારે છે

(B) એકંદર ઘરગથ્થુ બચતો, એકંદર ઘરગથ્થુ મૂડી રોકાણ કરતાં વધારે છે

(C) મૂડીની આંતરગમન પ્રવાહમાં થતો વધારો એ તેના બહિર્ગમન પ્રવાહના વધારા કરતાં વધારે છે

(D) સીધા વિદેશી મૂડીરોકાણનો બર્હિગમન પ્રવાહ, તે તેના આંતરગમન પ્રવાહ કરતાં વધારે છે

31. Devaluation of a domestic currency will improve the balance of payments of a country, if the value of marginal propensity to absorb, is :

(A) Greater than one

(B) Less than one

(C) Equal to zero

(D) Infinity

31. જો પચાવવાની (એબસોર્બ) સિમાંત ક્ષમતાનું મૂલ્ય, .......... હોય તો, જ્યારે કોઈ દેશ તેની ચલણનું અવમૂલ્યન કરે છે ત્યારે તેની લેણ–દેણ સમતુલામાં સુધારો થશે.

(A) એક કરતાં વધારે

(B) એક કરતાં ઓછું

(C) શૂન્ય બરાબર

(D) અનંત

32. The impact of tariff under partial equilibrium approach on the welfare of the society is :

(A) Negative

(B) Positive

(C) Not predictable

(D) Cyclical

32. આંશિક સમતુલા અભિગમ હેઠળ સમાજના કલ્યાણ ઉપર થતી જકાતની અસરો ............ હશે.

(A) નકારાત્મક

(B) સકારાત્મક

(C) અંદાજી શકાતી નથી

(D) ચક્રાકાર

33. Net Barter Terms of Trade is defined as :

(A) $\frac{\text{Export Price Index}}{\text{Import Price Index}} \times 100$

(B) $\frac{\text{Import Price Index}}{\text{Export Price Index}} \times 100$

(C) Export Price Index – Import Price Index

(D) Export Price Index × Import Price Index

34. The possible economic policy implications of feedback foreign trade multpilier of exports and investment is :

(A) The export promotion policies would lead to lower rates of national income increase

(B) Investment expansion programme would lead to higher rates of increase in national income

(C) (A) + (B)

(D) Import substitution policies would improve production and national income of the country

33. વસ્તુ વિનિમયની ચોખ્ખી વ્યાપારી શરતો કેવી રીતે વ્યાખ્યાયીત થશે ?

(A) $\frac{\text{નિકાસ ભાવાંક}}{\text{આયાત ભાવાંક}} \times 100$

(B) $\frac{\text{આયાત ભાવાંક}}{\text{નિકાસ ભાવાંક}} \times 100$

(C) નિકાસ ભાવાંક – આયાત ભાવાંક

(D) નિકાસ ભાવાંક × આયાત ભાવાંક

34. નિકાસો અને મૂડીરોકાણના પ્રતિપુષ્ટિ વિદેશ વ્યાપાર ગુણકનો સંભવિત આર્થિક નીતિ માટેનો સુચિતાર્થ :

(A) વિદેશ વ્યાપારની પ્રોત્સાક નીતિઓનું પરિણામ રાષ્ટ્રીય–આવક વૃદ્ધિ દરનો ઘટાડો દર્શાવે છે

(B) મૂડી રોકાણ પ્રોગ્રામમાં થતી વૃદ્ધિ રાષ્ટ્રિય આવક–વૃદ્ધિ દરમાં વધારો દર્શાવે છે

(C) (A) અને (B) બંને

(D) આયાત–અવેજીકરણ નીતિઓ રાષ્ટ્રિય ઉત્પાદન અને આવકમાં સુધાર લાવશે

35. The quantum of intra-regional trade among the countries of the world is explained by :

(A) Heckscher-Ohlin theory

(B) Comparative cost theory

(C) Both (A) and (B)

(D) Theories based on imperfect competition

36. The largest source of National Income in India is :

(A) Service sector

(B) Agriculture sector

(C) Industrial sector

(D) Trade sector

37. For which type of fertilizer India is fully dependent on imports ?

(A) Nitrogen fertilizer

(B) Phosphatic fertilizer

(C) Potash fertilizer

(D) Sulfate fertilizer

35. વિશ્વના દેશોમાં થતા અંતઃપ્રાદેશિક વ્યાપારનું કદ નીચેનામાંથી કયા સિદ્ધાંત દ્વારા સમજાવી શકાય છે ?

(A) હેક્ષર–ઓહલીન સિદ્ધાંત

(B) સાપેક્ષ ખર્ચ સિદ્ધાંત

(C) (A) અને (B) બંને

(D) અપૂર્ણ હરિફાઈ આધારિત સિદ્ધાંતો દ્વારા

36. ભારતમાં રાષ્ટ્રિય આવકના સ્ત્રોતનો સૌથી મોટો ઘટક કયો ?

(A) સેવા ક્ષેત્ર

(B) ખેતી ક્ષેત્ર

(C) ઉદ્યોગ ક્ષેત્ર

(D) વ્યાપાર ક્ષેત્ર

37. કયા પ્રકારના રાસાયણીક ખાતર માટે ભારત સંપૂર્ણપણે આયાત ઉપર નિર્ભરિત છે ?

(A) નાઈટ્રોજન ફર્ટીલાયઝર

(B) ફોસ્ફરીક ફર્ટીલાયઝર

(C) પોટાશ ફર્ટીલાયઝર

(D) સલ્ફર ફર્ટીલાયઝર

38. Which is the first export processing zone declared as free trade zone in India ?

(A) Santacruz

(B) Kandla

(C) Pipavav

(D) Noida

39. Which state has a lower literacy rate than country's literacy rate according to 2011 census ?

(A) Maharashtra

(B) Gujarat

(C) Odisha

(D) West Bengal

40. Revenue deficit as percentage of fiscal deficit in the year 2011-12 for union budget stood at :

(A) 75.5%

(B) 79.7%

(C) 62.0%

(D) 50.0%

38. નીચેનામાંથી કયો 'એક્ષપોર્ટસ પ્રોસેસીંગ ઝોન' ભારતમાં સૌપ્રથમ 'ફ્રી ટ્રેડ ઝોન' (મુક્ત વ્યાપાર ક્ષેત્ર) તરીકે વિકસાવવામાં આવ્યો ?

(A) સાંતાક્રુઝ

(B) કંડલા

(C) પીપાવાવ

(D) નોઈડા

39. ૨૦૧૧ ના સેન્સસ અનુસાર નીચેનામાંથી કયા રાજયનો સાક્ષરતા દર, દેશના સાક્ષરતા દર કરતાં ઓછો છે ?

(A) મહારાષ્ટ્ર

(B) ગુજરાત

(C) ઓડીશા

(D) પશ્ચિમ બંગાળ

40. વર્ષ ૨૦૧૧–૧૨ ના કેન્દ્રીય બજેટમાં મહેસૂલી ખાધ રાજકોષીય ખાધના કેટલા ટકા હતી ?

(A) ૭૫.૫%

(B) ૭૯.૭%

(C) ૬૨.૦%

(D) ૫૦.૦%

41. Which index number is used to measure inflation in India ?

(A) GDP deflator

(B) Consumer price index

(C) Wholesale price index

(D) Cost of living index for industrial workers

41. ભારતમાં ફુગાવાને માપવા માટે કયા સૂચક આંકનો ઉપયોગ થાય છે ?

(A) જીડીપી ડીફ્લેટર

(B) ગ્રાહક સૂચક આંક

(C) જથ્થાબંધ ભાવાંક

(D) ઔદ્યોગિક કામદારો માટેનો જીવનનિર્વાહ આંક

42. Which sector continues to contribute maximum to gross domestic savings in India ?

(A) Public sector

(B) Private corporate sector

(C) Public sector undertakings

(D) Household sector

42. ભારતમાં એકંદર ઘરગથ્થુ બચતોમાં કયું ક્ષેત્ર સૌથી વધારે પ્રદાન કરે છે ?

(A) જાહેર ક્ષેત્ર

(B) ખાનગી ઉદ્યોગ ક્ષેત્ર

(C) જાહેર ક્ષેત્રના ઔદ્યોગિક એકમો

(D) કૌટુંબિક ક્ષેત્ર

43. Values of the variable which divide the array of data into four equal parts are known as :

(A) Averages

(B) Deciles

(C) Quartiles

(D) Percentiles

43. ચલરાશીની એ કિંમત કે જે માહિતીને ચાર સરખા હિસ્સામાં વહેંચે છે તે ...... છે.

(A) સરેરાશ

(B) દશકા

(C) ચતુર્થકો

(D) ટકાવારી

44. Which one of the following measures of central tendency is not based on all the values ?

(A) Arithmetic mean

(B) Median

(C) Harmonic mean

(D) Geometric mean

44. નીચેનામાંથી કયા કેન્દ્રવર્તિ લાક્ષણિકતાના માપનનું ગણાંકન સંપૂર્ણ માહિતી આધારિત હોતુ નથી ?

(A) ગાણિતીક મધ્યક

(B) મધ્યસ્થ

(C) સંવાદી મધ્યક

(D) ગુણોત્તર મધ્યક

45. A speaks truth in 60% of the cases and B speaks truth in 70% of the cases. What is the percentage of the cases in which they are likely to contradict each other ?

(A) 65%

(B) 46%

(C) 30%

(D) 10%

45. 'A' ૬૦% કિસ્સાઓમાં સાચુ બોલે છે અને 'B' ૭૦% કિસ્સાઓમાં સાચુ બોલે છે. બંને એકબીજાની વિરોધાભાસી પ્રતિક્રિયા કેટલા ટકા કિસ્સામાં આપશે ?

(A) ૬૫%

(B) ૪૬%

(C) ૩૦%

(D) ૧૦%

46. Pearson's coefficient of correlation is :

(A) Independent of change in origin only

(B) Independent of change in scale only

(C) Independent of change in origin and change in scale

(D) Not independent of change in origin or change in scale

47. Suppose the regression line is $Y = 1000 - 0.75X$ and X increases by 100 units. Then :

(A) Y increases by 100 units

(B) Y increases by 0.75 units

(C) Y increases by 75 units

(D) Y decreases by 75 units

48. Time reversal test is satisfied by :

(A) Laspeyre's formula

(B) Paasche's formula

(C) Fisher's formula

(D) Marshall-Edgeworth formula

46. પીઅરસનનો સહસંબંધાંક :

(A) ઉદ્‌ગમબિંદુના ફેરફારથી સ્વતંત્ર છે

(B) પ્રમાણ (સ્કેલ) ના ફેરફારોથી સ્વતંત્ર છે

(C) ઉદ્‌ગમબિંદુ અને પ્રમાણના ફેરફારોથી સ્વતંત્ર છે

(D) ઉદ્‌ગમબિંદુ અને પ્રમાણના ફેરફારોથી સ્વતંત્ર નથી

47. ધારો કે નિયતસંબંધ રેખા $Y = 1000 - 0.75X$ છે અને જ્યારે X ની કિંમતમાં 100 એકમનો વધારો કરવામાં આવે છે, ત્યારે :

(A) Y ની કિંમતમાં 100 એકમોનો વધારો થાય છે

(B) Y ની કિંમતમાં 0.75 એકમોનો વધારો થાય છે

(C) Y ની કિંમતમાં 75 એકમનો વધારો થાય છે

(D) Y ની કિંમતમાં 75 એકમોનો ઘટાડો થાય છે

48. 'સમય વિપર્યાસ પરીક્ષણ' કસોટીમાંથી નીચેનામાંથી કયું પસાર થશે ?

(A) લેસ્પેયરનું સૂત્ર

(B) પાશ્ચેનું સૂત્ર

(C) ફીશરનું સૂત્ર

(D) માર્શલ–એજવર્થનું સૂત્ર

49. When the universe is heterogeneous, which of the following methods of sampling will be more appropriate ?

(A) Simple random sampling

(B) Stratified sampling

(C) Multi-stage sampling

(D) Systematic sampling

50. To compare the average family incomes of households selected in two small samples drawn from two cities, one can use :

(A) $t$-test

(B) F-test

(C) Z-test

(D) $\lambda^2$-test

49. જ્યારે સમષ્ટિના એકમો વિષમતાવાળા હોય, ત્યારે તેમાંથી નિદર્શ મેળવવા માટે નીચેનામાંથી કઈ પદ્ધતિ સુયોગ્ય છે ?

(A) સરળ યદૃચ્છ નિદર્શ પદ્ધતિ

(B) સ્તરીય નિદર્શ પદ્ધતિ

(C) બહુતબકકીય નિદર્શ પદ્ધતિ

(D) પદિક નિદર્શ પદ્ધતિ

50. બે શહેરોમાંથી પસંદ કરવામાં આવેલા બે લઘુનિદર્શોમાં પસંદ થયેલા કુટુંબોની સરેરાશ કૌટુંબિક આવકો વચ્ચે તુલના કરવા માટે :

(A) $t$-પરીક્ષણ

(B) F-પરીક્ષણ

(C) Z-પરીક્ષણ

(D) $\lambda^2$-પરીક્ષણનો ઉપયોગ થઈ શકે

ROUGH WORK

SEAL